## સોનગઢમાં શાકભાજીના કેરેટની આડમાં દારૂની તસ્કરી, બેની અટકાયત

**હાઇવે** પરથી દારૂ સાથે ૨૪.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

સોનગઢ: સોનગઢ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે એક મોટી કાર્યવાહી કરી શાકભાજીના ખાલી કેરેટોની આડમાં થઈ રહેલી વિદેશી દારૂની ગેરકાયદે હેરાફેરી ઝડપી પાડી છે. બાતમીના આધારે પોલીસે સોનગઢ ગામની સીમમાં ઉકાઈ જતા સ્ટેટ હાઈવે પર મલ્હાર ફેન્સી ઢોસા અને પંચવટી હનુમાનજી મંદિર નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન ધુલિયાથી સુરત તરફ જઈ રહેલી એક શંકાસ્પદ સફેદ બોલેરો પિકઅપ ગાડીને કોર્ડન કરીને પકડી પાડવામાં આવી હતી. ગાડીની તલાશી લેતાં પ્લાસ્ટિકના ખાલી કેરેટોની નીચે છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટના સ્થળેથી વિવિધ બ્રાન્ડની કુલ ૩,૯૦૦ બોટલો અને ટીન જપ્ત કર્યા છે, જેની કિંમત રૂ.૧૪,૦૧,૧૩૨ થાય છે. દારૂના જથ્થા ઉપરાંત પોલીસે ૨ મોબાઈલ, રોકડ અને ગાડી મળી કુલ રૂ.૨૪,૧૮,૬૮૨નો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં સામે આવ્યું કે ગાડી પર લગાવેલી 'MH 12 DT 4714' નંબર પ્લેટ ખોટી હતી. ઈગુજકોપ અને સી-ટ્રેક સોફ્ટવેરની મદદથી ચેસીસ-એન્જીન નંબર ચેક કરતાં ગાડીનો અસલી નંબર 'MH 41 AU 6266' હોવાનો ખુલાસો થયો હતો.

આ મામલે પોલીસે ઘટના સ્થળેથી ચાલક ધીરેન્દ્ર ભાસ્કર દેવરે (રહે.,ધુલે) અને ક્લીનર વિકાસ રાજુરામજી મેઘવાલ (રહે.,પાલી,રાજસ્થાન)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં બહાર આવ્યું કે દારૂનો જથ્થો મહારાષ્ટ્રના બન્ટી પાટીલ અને કમલેશ પાટીલે ભરી આપ્યો હતો, જે સુરતના બુટલેગર સંજય ઉર્ફે સંજુ દાઢી, અશોક ગવાણે અને જીતુ સિરસાટને પહોંચાડવાનો હતો. પોલીસે તમામ વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ સોનગઢ પોલીસને સોંપી છે.

## આંબાવાડીઓમાં મજૂરીના ઓઠા હેઠળ ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

**ઉમલ્લા-રાજપારડીમાં** છ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, બે રીઢા આરોપી ઝડપાયા

ભરૂચ: ભરૂચ LCBએ ઉમલ્લા અને રાજપારડી વિસ્તારમાં તાજેતરમાં થયેલી બે મોટી ઘરફોડ ચોરી સહિત કુલ છ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બે રીઢા આરોપીઓને ઝડપી લીધા છે. આરોપીઓ પાસેથી રોકડા રૂ.22,220 અને બે મોબાઈલ મળી કુલ રૂ.25,720નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

ગત તા.14 અને 15 મેની રાત્રે ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારના ફીચવાડા ગામે અજાણ્યા આરોપીઓએ બારીમાંથી ઘરમાં પ્રવેશી રૂ.25 લાખના દાગીના અને રોકડની ચોરી કરી હતી. ત્યારબાદ એ જ વિસ્તારના અછાલીયા ગામે પણ ઘરફોડ થતાં LCBની ટીમે તપાસ હાથ ધરી હતી. તપાસમાં ખબર પડી કે મૂળ સૌરાષ્ટ્રના અને હાલ આંબાની વાડીમાં સિઝનલ કામ કરતા



### ઝડપાયેલા આરોપીઓની મોડસ ઓપરેન્ડી

ઝડપાયેલા આરોપીઓ 'વાળ ખરીદવાના' બહાને ઝઘડિયા, રાજપારડી અને ઉમલ્લા ગ્રામ્ય વિસ્તારો ફરી બંધ મકાનોની રેકી કરતા હતા. સરળતાથી ચોરી થઈ શકે તેવાં મકાનોને નિશાન બનાવતા અને સ્લાઈડર વિંડો કે નકૂચાની આસપાસ છીદ્ર પાડી સ્ટોપર ખોલી ઘરમાં પ્રવેશ મેળવવામાં કારગત છે. વર્ષ-2021થી 2026 દરમિયાન ઉમલ્લામાં 3, રાજપારડીમાં 3 મળી 6 ગુના કર્યા છે.

દિનેશ મનજીભાઈ પટેલીયા (ઉં.વ.36) (રહે.,ભુભલી ગામ., રામદેવપીર નાગર, મંદિર પાછળ, ઘોઘા પોલીસ સ્ટેશન, તા.જિ.ભાવનગર) તથા ખાટાભાઈ બાલાભાઈ વાઘેલા (ઉં.વ.60) (રહે.,દઢાલ, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ, મૂળ રહે., ખાંટસુરા, તા.મહુવા, જિ.ભાવનાર) ઉમલ્લા વિસ્તારની બંને ઘરફોડમાં સંડોવાયેલા છે. LCBની ટીમે અંકલેશ્વર બકરા બજારમાંથી બંનેને ઝડપી લીધા હતા.

પૂછપરછમાં બંનેએ કબૂલાત કરી હતી કે તેઓ મેંગો સિઝનમાં દક્ષિણ ગુજરાતની વાડીઓમાં કામ કરતા હોવાથી તેમની જાદવ સોડાભાઈ પરમા (રહે.,ખોલવડ, R.K. કોલોની, તા.કામરેજ) અને ગોવિંદ મુળજીભાઈ મકવાણા (રહે.,કોસાડ આવાસ, સાયણ રોડ, અમરોલી, સુરત, મૂળ રહે.,ખાંભા ગામ, હનુમાન દાદાની દેરી પાસે, તા.શિહોર, જિ.ભાવનગર) સાથે ઓળખાણ થઈ હતી. ચારેય જણા અગાઉ પણ ઉમલ્લા, રાજપારડી વિસ્તારમાં પાંચ અને બે વર્ષ પહેલાં ચોરી કરી ચૂક્યા હતા અને પકડાયા ન હતા. આ હિંમતે તેઓએ ફરી ચોરીનું આયોજન કર્યું હતું. ફીચવાડાની ચોરી બાદ આરોપીઓએ થોડા દિવસો પછી અછાલીયા ગામે પણ એ જ રીતે ચોરી કરી. બીજી ચોરી વખતે નજીકના ગામમાં ડીજેના તેજ અવાજનો ફાયદો ઉઠાવી દરવાજામાં છીદ્ર પાડી નકૂચો તોડી ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો. ચોરી કરેલા દાગીના પોતપોતાની પત્નીઓને વહેચી દેવા આપ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

પકડાયેલા દિનેશભાઈ મનજીભાઈ પટેલીયા અને ખાટાભાઈ બાલાભાઈ વાઘેલા ઉપરાંત વોન્ટેડ જાદવ પરમાર (સુરત) અને ગોવિંદ મકવાણા (સુરત) સહિત ઝડપાયેલા આરોપીઓની પત્નીને પણ વોન્ટેડ જાહેર કરી છે. ઝડપાયેલા બે આરોપીઓને ભરૂચ શહેર બી ડિવિઝન સોંપીને વધુ કાર્યવાહી કરવામાં આવી છે. બાકીના વોન્ટેડ આરોપીઓની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

## ભરૂચના આદિવાસી વિસ્તારોમાં જમીન પચાવી પાડવાનો આક્ષેપ



**કલેક્ટરને** આવેદનપત્ર આપી કાર્યવાહીની માંગ

ભરૂચ: ભરૂચ જિલ્લાના પાંચમી અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસીઓની જમીનોના ગેરકાયદે હસ્તાંતરણ, પર્યાવરણને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ અને વાઘપુરા સિલિકા પ્લાન્ટ દુર્ઘટના સંદર્ભે આદિવાસી આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ કરી છે.

કલેક્ટર કચેરી ખાતે સંદીપ વસાવા, ડો.ભાવિન વસાવા, સર્જન વસાવા, રોબિન્સ ભગત, કલ્પેશ દેસાઈ, ધર્મેશ પટેલ અને રંજનબેન વસાવા સહિતના આદિવાસી આગેવાનોએ રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકાના પાંચમી અનુસૂચિ વિસ્તારોમાં ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ 73-AAનો ભંગ કરી આદિવાસીઓની જમીનો ગેરકાયદે કબજે કરવામાં આવી રહી છે. આવેદનપત્રમાં કહેવામાં આવ્યું છે કે પેસા એક્ટ અને બંધારણીય જોગવાઈઓની અવગણનાથી આ વિસ્તારોમાં ગેરકાયદે માઈનિંગ, સ્ટોન ક્રશર અને સિલિકા વોશિંગ પ્લાન્ટ્સ ચાલી રહ્યા છે, જેનાથી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. વાઘપુરાના ઓલસીલ સિલિકા પ્લાન્ટમાં બેદરકારીને કારણે થયેલા માનવ મૃત્યુના મામલે જવાબદારો સામે કડક ફોજદારી કાર્યવાહીની પણ માંગ કરાઈ છે. આગેવાનોનું કહેવું છે કે દુર્ઘટના બાદ માત્ર ટ્રક ચાલક સામે જ કાર્યવાહી થઈ, જ્યારે પ્લાન્ટ સંચાલકો અને માલિકોની બેદરકારી સામે કોઈ પગલાં લેવાયાં નથી. કલેક્ટરે આ માંગણીઓ અંગે ટૂંક સમયમાં પગલાં લેવાનો ભરોસો આપ્યો હોવાનું આગેવાનોએ જણાવ્યું છે.

## પલસાણામાં ચોરી કરનારી બે મહિલા સહિત દેવીપૂજક ગેંગના 5 પકડાયા

**ચાર** ગુનાનો ભેદ ઉકેલાયો, રૂ.4.34 લાખનો મુદ્દામાલ કબજે




ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના બલેશ્વર ગામે આવેલી 'અવધ સંગ્રીલા' અને પલસાણા ગામની 'અવધ કિમ્બર્લી' સોસાયટી સહિતના વિસ્તારોમાં તસ્કરોએ તરખાટ મચાવી લાખોની ચોરી કરી હતી. વધતી ચોરીની ઘટનાઓને પગલે સુરત જિલ્લા એલસીબી, પેરોલ ફર્લો સ્ક્વોડ અને પલસાણા પોલીસની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. સીસીટીવી ફૂટેજ અને સચોટ બાતમીના આધારે પોલીસે બલેશ્વરના બિલાલનગર ખાતે આવેલી ખાનભાઈની ચાલમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે ચોરીનો સામાન રિક્ષા નં.(જીજે 5 સીવી 3303)માં લાવી રૂમમાં સંતાડનાર ગેંગના પાંચ સભ્યોની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં કિશોરભાઇ રતિલાલ ઉર્ફે રતુભાઈ દેવીપૂજક, હરેશભાઈ ગોપાળભાઈ દેવીપૂજક, કાજલબેન હરેશભાઈ દેવીપૂજક, ફિરોજ સાદીક અન્સારી અને ભૂરીબેન રતુભાઈ દેવીપૂજકનો સમાવેશ થાય છે. આરોપીઓના ઘરમાંથી પોલીસે અંદાજે ₹4,34,300ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં સામેલ અન્ય એક આરોપી પ્રિન્સ ઉર્ફે રામદાસ રતિલાલ દેવીપૂજકને પોલીસે વોંટેડ જાહેર કર્યો છે. પોલીસની આ સફળ કામગીરીથી પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ચાર મોટા ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું હતું કે તેઓએ પલસાણા ઉપરાંત સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં પણ મોબાઈલ ફોન તથા નાની-મોટી અન્ય ચોરીઓને અંજામ આપ્યો હતો. પોલીસે તમામ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી ગેંગના અન્ય સાગરીતોની શોધખોળ શરૂ કરી છે.

## બારડોલીમાં મોપેડ સવાર દંપતીને અકસ્માત

બારડોલી: બારડોલીથી ધુલિયા ચાર રસ્તા તરફ જતા રોડ પર રુદ્ર એમ્પાયર સામેના કટ પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો છે. રાત્રિના સમયે ટ્રેનમાંથી પરત ફરેલાં પત્નીને રેલવે સ્ટેશનથી લઈને મોપેડ પર જઈ રહેલા પતિની બાઈકને એક પૂરઝડપે આવતા છોટા હાથી ટેમ્પોએ જોરદાર ટક્કર મારી હતી, જેમાં પતિને બ્રેન હેમરેજ થતાં હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર હલધરૂ ગામની વાસ્તુપૂજન સોસાયટીમાં રહેતી ધારાબેન મિતેશભાઈ શાહ (ઉં.વ.37)ના પતિ મિતેશભાઈ મહેદ્રભાઈ શાહ ચાની અને ચાઈનિસ ખાણીપીણીની દુકાન ધરાવે છે. ધારાબેન ગત 26મી મેના રોજ મહારાષ્ટ્રના અમલનેર ખાતે રહેતી તેમની બહેનપણીને મળવા માટે ગઈ હતી. ત્યાંથી ટ્રેન મારફત 27મીના રોજ પરત ફરી હતી. બારડોલી રેલવે સ્ટેશન પર રાત્રે 11 વાગ્યે ઉતરતા તેમના પતિ મિતેશભાઈ લેવા માટે આવ્યા હતા. ત્યાંથી તેઓ ધુલિયા ચોકડી ખાતે ચા પીવા માટે તેમના મોપેડ નં.(જીજે 19 બીપી 6000) લઈ જઈ રહી હતા. તે સમયે મીંઢોળા નદીના બ્રિજ નજીક એક છોટા હાથી ટેમ્પોએ તેમની મોપેડને ટક્કર મારતાં બંને જણા નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં દંપતી રોડ પર પટકાતાં ધારાબેનને નાની-મોટી ઈજા થઈ હતી, જ્યારે ચાલક પતિ મિતેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં બ્રેઈન હેમરેજ થયું છે. અકસ્માત બાદ ટેમ્પો ચાલક પોતાનું વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. ભેગા થયેલા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને પહેલા સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની યુનિવર્સલ હોસ્પિટલમાં ખસેડ્યા છે. ધારાબેનની ફરિયાદના આધારે બારડોલી પોલીસે અજાણ્યા ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે


## આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ફિક્સ ડિપોઝીટ તોડી ૭૦ લાખ બારોબાર ટ્રાન્સફર કર્યાના ખોટા આક્ષેપ સામે જાહેર ખુલાસો

**આંગલધરા દૂધ મંડળીએ મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ.ને માલ ખરીદી પેટે એડવાન્સ નાણાંની જરૂરિયાત ઉભી થતાં સંસ્થાએ રૂા. ૭૦ લાખ ૧૨ ટકા વ્યાજે ટૂંકા સમય માટે આપ્યા છે : પ્રમુખ અમ્રતભાઈ પટેલ**

સુરત જિલ્લાના અંબિકા તાલુકાની આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.માં સભાસદોની જાણ કે મંજૂરી વિના મોટી રકમની ફિકસ ડિપોઝીટ તોડી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. મંડળીના સભાસદ દિનેશભાઈ જગુભાઈ પટેલ દ્વારા આ અંગે જિલ્લા રજિસ્ટ્રારને લેખિત ફરિયાદ કરી તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવતા સહકારી ક્ષેત્રમાં ભારે ચકચાર મચી જવા પામી છે. તેવા આક્ષેપ વાળી ફરિયાદનો અહેવાલ એક અખબારમાં અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે. જે આપણી આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બરાબર છે. ઉપરથી સભાસદોને ગેરમાર્ગે દોરવા બરાબર છે.

મંડળીના સભાસદ દિનેશ પટેલે ગેરમાર્ગે દોરવા માટે અને સંસ્થાને નુકસાન પહોંચાડવા માટે એવા અહેવાલ પ્રકાશિત કરાવ્યા છે કે, અંબિકા તાલુકાના આંગલધરા દૂધ મંડળીના સભાસદોના બેંકમાં મુકેલા કુલ રૂપિયા ૪,૧૨,૫૦,૦૦૦ માંથી રૂા. ૭૦ લાખની ફિકસ ડિપોઝીટ મંડળીના પ્રમુખ અને હોદ્દેદારો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને તોડી નાખવામાં આવી હતી. આ રકમ સહકાર વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના જ બારોબાર મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળીને ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. અને ત્યાંથી તે જ દિવસે આ નાણાં વ્યારા સુગર ખાતે ટ્રાન્સફર કરાયા હોવાનો આક્ષેપ આપણી આંગલધરા દૂધ મંડળીના નામે કર્યો છે. પરંતુ હકીકત એ છે કે, આંગલધરા દૂધ મંડળીએ ઠરાવ નં. ૭ અને ઠરાવ નં.૮ થી કાયદેસરની પ્રક્રિયા કરીને ડિસ્ટ્રીકટ બેંકમાં મૂકેલી રૂા. ૨,૬૫,૦૦,૦૦૦ ની ફિક્સ ડિપોઝીટમાંથી રૂા. ૭૦ લાખ ધી મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ. ને તેમની પાસેથી માલ ખરીદી પેટે એડવાન્સ નાણાં માંગણી કરતાં ૧૨ ટકા વ્યાજે આપ્યા છે બાકીના ૧,૯૫,૦૦,૦૦૦ ની રકમની ફરી ડીપોઝીટ કરી છે આમાં મંડળીને કોઈ આર્થિક નુકસાન થવાનું નથી, ૧૨ ટકા વ્યાજ મળવાનું છે. નાણાના દુરુપયોગ કરવાનો દિનેશ પટેલનો આક્ષેપ વાહ્યાત છે સભાસદોને ગેરમાર્ગે દોરવા બરાબર છે. આંગલધરા દૂધ મંડળીએ મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ.ને માલ ખરીદી પેટે એડવાન્સ નાણાંની જરૂરિયાત ઉભી થતાં સંસ્થાએ રૂા. ૭૦ લાખ ૧૨ ટકા વ્યાજે ટૂંકા સમય માટે આપ્યા છે. મંડળીના સભાસદ દિનેશભાઈ પટેલ વારંવાર ખોટી ખોટી ફરિયાદો ઉભી કરીને આંગલધરા દૂધ સહકારી મંડળીની પ્રતિષ્ઠા અને વહીવટને નુકસાન કરતાં આવ્યા છે અને સભાસદોને ગેરમાર્ગે દોરવાનું તેમનું કામ રહ્યું છે તે સૌ સભાસદો જાણે છે.

**મંડળીના સભાસદ દિનેશભાઈ પટેલ વારંવાર ખોટી ખોટી ફરિયાદો ઉભી કરીને આંગલધરા દૂધ સહકારી મંડળીની પ્રતિષ્ઠા અને વહીવટને નુકસાન કરતાં આવ્યા છે અને સભાસદોને ગેરમાર્ગે દોરવાનું તેમનું કામ રહ્યું છે તે સૌ સભાસદો જાણે છે.**

આપણી આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા અને હમો સંચાલકોને નીચા દેખાડવા માટે સભાસદ દિનેશભાઈ પટેલે એવો અહેવાલ અખબારમાં પ્રકાશિત કરાવ્યો છે કે, પ્રમુખે ઉદ્ધત વર્તન કરી મંડળી મારી છે. હું ગમે તેટલા પૈસા આપી દઈશ તેવું નિવેદન આપ્યું હોવાનો પણ લેખિત ફરિયાદમાં સભાસદ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. સભાસદોના આર્થિક હિતોને નુકસાન પહોંચાડવાના આ કાવતરાં બદલ પ્રમુખ, મંત્રી અને કમિટી સભ્યોને તાત્કાલિક હોદ્દા પરથી દૂર કરવા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી વ્યાજ સહિતની રકમ વસૂલ કરવા માટે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત સમક્ષ ભારપૂર્વક લેખિત રજૂઆત સભાસદ દિનેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. મંડળીના સભાસદ દ્વારા મંડળીના પ્રમુખ સામે કરાયેલ આક્ષેપ અને ફરિયાદને લઈ મહુવા અંબિકા તાલુકાના સહકારી રાજકરણમાં ફરી ગરમાટો આવી ગયો છે. હવે જિલ્લા રજીસ્ટાર આ મુદ્દે કેવી કાર્યવાહી હાથ ધરે તેના પર તાલુકાની જનતાની મીટ મંડાયેલ છે.આવા લખાણ સાથેનો અહેવાલ મંડળીના સભાસદ દિનેશભાઈ પટેલે ખોટી ફરિયાદ અને ખોટી રજૂઆત કરીને પ્રકાશિત કરાવ્યાનું ફલિત થાય છે. જે સંસ્થાની શાખ અને પ્રતિષ્ઠાને અને હમો સંચાલકને નુકસાન કરતાં છે.

અત્રે મંડળીના તમામ દૂધ ઉત્પાદક સભાસદો અને જાહેર જનતાને જણાવવાનું કે, આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ફિકસ ડિપોઝીટ તોડી ૭૦ લાખ બારોબાર ટ્રાન્સફર કરાયાના આક્ષેપો સાથેના અખબારમાં આવેલા અહેવાલો પાયાવિહોણા છે. અમારી સંસ્થાની પ્રતિષ્ઠાને નુકસાન કરતાં છે. મંડળીના સભાસદ દિનેશભાઈ પટેલ દ્વારા અગાઉ પણ અનેક પ્રકારની ખોટી ફરિયાદો સરકારમાં કરીને સંસ્થાની પ્રતિષ્ઠાને ખુબ મોટું આર્થિક અને સામાજિક નુકસાન કરી ચૂક્યા છે. આપણી મંડળીએ મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ. ને માલ ખરીદી પેટે એડવાન્સ નાણાં મેળવવા માટે આ સંસ્થાએ આપણી સંસ્થાને કાયદેસરના લેખિત પત્રથી માંગણી કરી હતી. આપણી આંગલધરા દૂધ મંડળી આ સંસ્થા પાસેથી પશુઓ માટે ઘાસચારો , સાયલેજ પૂરો પાડે છે. એટલે કે, આપણે માલની ખરીદી પેટે તે સંસ્થાને નાણાની જરૂરિયાત ઉભી થતાં માંગણી પ્રમાણે રૂા. ૭૦ લાખ મંડળીમાં કાયદેસરના ઠરાવો કરીને આપણી બેંક ડીપોઝીટ રૂા. ૨,૬૫,૦૦,૦૦૦ માંથી આપ્યા છે. બાકીના આ રકમમાંથી બચેલા ૧,૯૫,૦૦,૦૦૦ ફરી ડીપોઝીટ કર્યા છે. આપણી સંસ્થાએ જે રૂા. ૭૦ લાખ માલ ખરીદી પેટે એડવાન્સ ધી મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ. ને આપ્યા છે. તે ૧૨ ટકાના વ્યાજે આપ્યા છે. એટલે આપણી સંસ્થાને ૧૨ ટકા વ્યાજ મળવાનું છે. સહકારી ક્ષેત્રમાં એકબીજાની સહકારી સંસ્થાઓને જિલ્લા ભરની સહકારી સંસ્થાઓ નાણાંની આપ-લે કરીને મદદ અને સહકાર આપતી હોય છે. તેથી આ કિસ્સામાં પણ કોઈએ ભરમાવાની જરૂર નથી. ગેરમાર્ગે દોરાવાની જરૂર નથી. આપણી સંસ્થા સામે ખોટા આક્ષેપ અને ખોટી ફરિયાદ કરનારા લોકો સામે સંસ્થા કાયદેસરના ફોજદારી અને કાનૂની પગલાં ભરશે. જેની સૌ સભાસદોએ નોંધ લેવા વિનંતી.

**આંગલધરા દૂધ મંડળીએ ઠરાવ નં. ૭ અને ઠરાવ નં.૮ થી કાયદેસરની પ્રક્રિયા કરીને ડિસ્ટ્રીકટ બેંકમાં મૂકેલી રૂા. ૨,૬૫,૦૦,૦૦૦ ની ફિક્સ ડિપોઝીટમાંથી રૂા. ૭૦ લાખ ધી મહુવા પ્રદેશ ઘાસચારા ઉત્પાદક સહકારી મંડળી લિ. ને તેમની પાસેથી માલ ખરીદી પેટે એડવાન્સ નાણાં માંગણી કરતાં ૧૨ ટકા વ્યાજે આપ્યા છે બાકીના ૧,૯૫,૦૦,૦૦૦ ની રકમની ફરી ડીપોઝીટ કરી છે આમાં મંડળીને કોઈ આર્થિક નુકસાન થવાનું નથી, ૧૨ ટકા વ્યાજ મળવાનું છે. નાણાના દુરુપયોગ કરવાનો દિનેશ પટેલનો આક્ષેપ વાહ્યાત છે સભાસદોને ગેરમાર્ગે દોરવા બરાબર છે.**

અમ્રતભાઈ દેવજીભાઈ પટેલ, પ્રમુખ | લિ. | જીતેન્દ્રભાઈ આર. પટેલ, મંત્રી

શ્રી આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. આંગલધરા તા. અંબિકા જિ. સુરત


## કામરેજ વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીની બેઠક મળી

કામરેજ: કામરેજ ચાર રસ્તા નજીક કામરેજ રોડ પર આવેલી કામરેજ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીની શુક્રવારના રોજ 32મી વાર્ષિક સાધારણ સભા કેળા મંડળીના હોલ ખાતે સભાસદોની હાજરીમાં શાંતિપૂણ માહોલમાં સપન્ન થઈ હતી.

આ સાધારણ સભામાં સવારના 10 કલાકે સંસ્થાના પ્રમુખ ડેવીસ પટેલ(ધાતવા)ની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં ગત સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ વર્ષ 2025-26ના હિસાબ તથા હેવાલ વ્યવસ્થાપક સમિતિએ તૈયાર કર્યા હતા. તેને મજૂર કરવામાં આવ્યા હતા. તેમજ એજન્ડા પર તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ ડેવીસ પટેલે જણાવ્યું હતું કે, હાલમાં સંસ્થા વાહન ધિરાણ પર રૂ.15 લાખનું ધિરાણ કરે છે તે વધારીને રૂ.30 લાખ તેમજ મિલકત તારણ સામે રૂ. 4 લાખનું ધિરાણ કરે છે તેની સામે રૂ.8 લાખનું ધિરાણ કરવા માટે જિલ્લા રજિસ્ટ્રારમાં મંજૂરી માટે મોકલવામાં આવશે. તેમજ સંસ્થાએ જાત જામીનગીર તેમજ મિલકત તારણ સામે રૂ.6,66,30,546 તેમજ વાહન ધિરાણ સામે રૂ.2,12,44,182, સભાસદ બચત ખાતા સામે રૂ.23,94,949, બચતપત્ર સામે રૂ.5,56,788નો સમાવેશ થાય છે. સંસ્થાની લોનની વાર્ષિક રિકવરી 90 ટકા જેટલી છે. સંસ્થાનું શેરભંડોળ રૂ.35,37,500, ફરજિયાત થાપણ રૂ.19,73,250, ભરજીયાત બચત થાપણ રૂ.6,22,59,250, લોન બચત રૂ.2,24,60,505 અને થાપણ રૂ.12,26,43,410, રિકરિંગ રૂ.4,10,75,110 તેમજ કુલ ધિરાણ રૂ.9,10,30,461 કરવામાં આંવ્યુ છે.

## વોરાસમની ગામે રાત્રિ ભોજનને લઈ બે પરિવાર વચ્ચે બબાલ

ભરૂચ: વોરાસમની ગામમાં એક મહિલા પોતાની દીકરીઓને જમવાનું બનાવવા માટે બોલતી હતી, ત્યારે પાડોશમાં રહેતા પરિવારના સભ્યને ગાળો પોતાને સંબોધી હોવાનો ભ્રમ થયો હતો. આ ગેરસમજના કારણે બંને પક્ષ વચ્ચે ગાળાગાળી, મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપવાની ઘટના સામે આવી છે.

28 મે, 2026ના રોજ સાંજે સાત વાગ્યાના અરસામાં વાગરાના વોરાસમનીનાં 44 વર્ષીય ટીનાબેન રાયમલભાઈ વસાવા પોતાની દીકરીઓને સમયસર જમવાનું ન બનાવવા બાબતે ઠપકો આપતી હતી. પાડોશી વર્ષાબેન મુકેશભાઈ વસાવાને લાગ્યું કે ટીનાબેન તેમને ગાળો બોલે છે. સમજાવવા છતાં વર્ષાબેને ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. દરમિયાન વર્ષાબેનના પુત્ર અખિલે ટીનાબેન પર ઢીકાપાટુથી હુમલો કર્યો હતો. ટીનાબેનના પિતા અને પુત્ર મેહુલે બચાવ કરવાનો પ્રયત્ન કરતાં તેમની સાથે પણ મારામારી કરવામાં આવી હતી. બંને જણાએ ટીનાબેન અને તેમના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. જે બાબતે વાગરા પોલીસમાં માતા-પુત્ર સામે મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગુનો નોંધવામાં આવ્યો.




ઈલ્યાસ શેખ

## કડોદરા સિનિયર સિટિઝન ટ્રસ્ટની 18મી વાર્ષિક સાધારણ સભા મળી

પલસાણા: સુરત જિલ્લાના કડોદરા વિભાગ સિનિયર સિટિઝન જન સેવા ટ્રસ્ટની 18મી વાર્ષિક સાધારણ સભા ઉંભેળ સ્થિત ઉમા સાંસ્કૃતિક ભવન ખાતે બરોડા એજ કેર ફેડરેશનના મંત્રી ગીરીશભાઈ વર્દીવાળાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સભાની શરૂઆતમાં ટ્રસ્ટના ટ્રસ્ટી પરિમલભાઈ રણછોડભાઈ પટેલ સહિત દેશના નામી-અનામી દિવંગતોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સભાના પ્રમુખ ગીરીશભાઈ વર્દીવાળા, પ્રવીણભાઈ કંગસાગરા તેમજ સંસ્થાના સ્થાપક પ્રમુખ અને ટ્રસ્ટી ભીખુભાઈ હરગોવનભાઈ પટેલને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.સભામાં એજન્ડાના તમામ મુદ્દાઓ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટીના સભ્યોની ત્રણ વર્ષની મુદત પૂર્ણ થતાં વર્ષ 2026 થી 2029 માટે નવા ટ્રસ્ટીઓની નિમણૂક અંગે સભાએ સર્વાનુમતે કૌશિકભાઈ બલ્લુભાઈ પટેલ, દોલતભાઈ ભગુભાઈ પટેલ અને લીલાબેન ભરતભાઈ પટેલની નવા ટ્રસ્ટી તરીકે પસંદગી કરી હતી. વાર્ષિક સભાની સાથે સિનિયર સિટિઝનોના મનોરંજન માટે સંગીત સંધ્યા, જોક્સ અને મિમિક્રી જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભમાં બરોડા એજ કેર ફેડરેશનના મંત્રી ગીરીશભાઈ વર્દીવાળા, પ્રવીણભાઈ કંગસાગરા સહિત અનેક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સિનિયર સિટિઝનોની સેવા, એકતા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતો સફળ કાર્યક્રમ સાબિત થયો હતો. અંતમાં તમામ ઉપસ્થિત મહેમાનો અને સભ્યોએ સાથે મળી પ્રીતિભોજન ગ્રહણ કર્યું હતું.

## વ્યારા સુગરના પ્રશ્નો મુદ્દે ખેડૂતોની કલેક્ટરને રજૂઆત

વ્યારા: તાપી જિલ્લાના આદિવાસી શેરડી ઉત્પાદક ખેડૂતોના પ્રશ્નોને લઈ આદિવાસી ખેડૂત સમાજ સંગઠન લડાયક મૂડમાં આવ્યું છે. સંગઠન દ્વારા તાપી કલેક્ટરને આવેદન પાઠવી વ્યારા સુગર ફેક્ટરી દ્વારા ખેડૂતોને FRP મુજબનો ભાવ અને બાકી ચુકવણી તાત્કાલિક ચૂકવવાની માંગ કરવામાં આવી છે. આવેદનમાં જણાવાયું છે કે વર્ષ 2024-25 દરમિયાન ખેડૂતો દ્વારા હજારો ટન શેરડી વ્યારા સુગરમાં આપવામાં આવી હોવા છતાં હજુ સુધી સંપૂર્ણ FRP ચૂકવણી કરવામાં આવી નથી. જેના કારણે નાના અને આદિવાસી ખેડૂતો ભારે આર્થિક સંકટમાં મુકાયા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ખેડૂતોને પાકના ખર્ચ, ઘરખર્ચ અને બાળકોના અભ્યાસ માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જો સાત દિવસમાં ખેડૂતોને ચૂકવણી નહીં કરવામાં આવે તો કલેક્ટર કચેરી ખાતે ધરણાં, ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન તથા રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ સુધી લડત લઈ જવાની ચીમકી પણ આપવામાં આવી છે.

## સુરત કલેક્ટરે છમુછલ ગામની વિઝિટ લીધી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: સુરત કલેક્ટરે માંગરોળના છમુછલ ગામની વિઝિટ લઈ ગામ લોકોને સાંભળી વિવિધ યોજના અંગે માર્ગદર્શન આપ્યું હતું. સુરત કલેક્ટર તેજસભાઈ પરમારે ડીઆરએલઆરના કામ અર્થે છમોછલ ગામે આવી ગ્રામ પંચાયતની પણ મુલાકાત લીધી હતી. સુરત કલેક્ટર આવ્યા હોવાથી લોકો પંચાયત ખાતે ભેગા થયા હતા. સુરત કલેક્ટર તેજસભાઈ પરમારે ગામ લોકોના વિવિધ પ્રશ્નો સાંભળી ગામની પ્રગતિ અંગે માર્ગદર્શન આપી સરકારને તમામ યોજનાનો લાભ લેવા છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે હાજર રહેલા અન્ય અધિકારીઓને સૂચના આપી હતી.


Milano MULTIPLEX

બારડોલી

Chand Mera Dill
10:00am, 04:00pm

Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm

Kabanda-Gujarati
12:00pm, 09:00pm

Dhabkaaro-Gujarati - 07:00pm

Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333